રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલર®
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

ભારતીય શેરબજારમાં તેજી તરફી માહોલ યથાવત...!!!

તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ સવારે ૧૦ કલાકે.... કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત પૂર્વે વૈશ્વિક બજારોમાં હોલી-ડે મૂડ વચ્ચે ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતે ફંડો, ખેલંદાઓએ શેરોમાં ઓલ રાઉન્ડ ઓફલોડિંગ કર્યું હતું. વૈશ્વિક મહામંદીના ભય અને આવનારૂ વર્ષ ૨૦૨૬ પણ પડકારરૂપ બની રહેવાની શકયતાએ વિશ્વાસની કટોકટીએ ફંડોએ પોર્ટફોલિયો વેલ્યુએશન ધોવાઈ રહ્યા સાથે મૂડી સુરક્ષિત કરવાનો વિકલ્પ અપનાવી ઘણા શેરોમાં મળતાં નફાને ઘરભેગો કરવાનું પસંદ કર્યું હતું.

પરંતુ, યુકેન અને રશિયા વચ્ચે યુદ્ધનો અંત નજીક હોવાના ઝેલેન્સ્કી સાથે ટ્રમ્પની મુલાકાતના સંકેત અને ઈઝરાયેલના પ્રમુખ નેતન્યાહુ સાથે ટ્રમ્પની યોજાનારી મુલાકાતની પોઝીટીવ અસરે આજે સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે ભારતીય શેરબજારની શરૂઆત ઉછાળા સાથે થઈ હતી.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૧૦%ના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૦૮% અને નેસ્ડેક ૦.૨૦% ઘટીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૪૫% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪૯% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૩૦૩૦ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૮૨૫ અને વધનારની સંખ્યા ૨૦૩૯ રહી હતી, ૧૬૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૫૦ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭૬ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

ભારતીય શેરબજારમાં આજે બીએસઈ પર મેટલ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, ટેલિકોમ્યુનિકેશન, એનર્જી, ઈન્ડસ્ટ્રીયલ્સ, યુટિલિટી અને પીએસયુ બેન્ક સેક્ટરમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ પણ ઉછાળા સાથે કારોબાર કરી રહ્યા હતા.

કોમોડિટી...

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ફેબ્રુઆરી ગોલ્ડ રૂ.૧,૩૬,૩૨૭ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૧,૩૬,૩૨૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૧,૩૫,૬૧૮ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૯૪૨ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૧,૩૫,૭૨૪ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે માર્ચ સિલ્વર રૂ.૨,૪૧,૪૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૨,૪૧,૪૦૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૨,૩૨,૨૨૮ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૮,૦૬૦ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૨,૩૨,૯૫૨ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

સ્ટોક સ્પેસિફિક રેન્જ મુવમેન્ટ....

જેએસડબલ્યુ સ્ટીલ (૧૧૪૧) : આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૨૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૧૫૬ થી રૂ.૧૧૬૪ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૧૭૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

લોટા ડેવલોપર્સ (૧૦૬૫) : એ/ટી +૧ ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૦૫૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૦૪૪ ના સપોર્ટથી આ સ્ટોક ૧૦૭૭ થી રૂ.૧૦૮૫ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

અદાણી ગ્રીન (૧૦૧૪) : રૂ.૧૦૦૩ નો પ્રથમ તેમજ રૂ.૯૯૪ બીજા પાવર જનરેશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૨૮ થી રૂ.૧૦૩૪ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

એચડીએફસી બેન્ક (૯૯૫) : પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૦૩ થી રૂ.૧૦૧૨ ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ ધરાવે છે!! અંદાજીત રૂ.૯૮૩ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

બજારની ભાવિ દિશા.... મિત્રો, ભારતીય શેરબજાર માટે આવનારા સમયમાં દિશા બે ભાગમાં વહેંચાયેલી જોવા મળશે. એક તરફ પ્રાથમિક બજારમાં આઈપીઓ અને ખાસ કરીને રાઈટસ ઈશ્યુ મારફત નાણાં ઊભા કરવાની પ્રવૃત્તિમાં તેજી એ બાબતનું સૂચન કરે છે કે કંપનીઓ લાંબા ગાળાના વિકાસ માટે મૂડી ઊભી કરવામાં આત્મવિશ્વાસ ધરાવે છે. સેબી દ્વારા રાઈટસ ઈશ્યુના ધોરણોને સરળ બનાવવાના પગલાંએ કોર્પોરેટ્સ માટે સમય અને ખર્ચ બંને ઘટાડ્યા છે, જેના કારણે બજારની અસ્થિરતા વચ્ચે પણ કંપનીઓ પોતાના હાજર શેરધારકો પાસેથી મૂડી મેળવવાનું વધુ સલામત વિકલ્પ માની રહી છે. આ ટ્રેન્ડ દર્શાવે છે કે આગામી સમયમાં પ્રાથમિક બજારમાં ફંડ રેઈઝિંગની રચના બદલાતી રહેશે અને રાઈટસ ઈશ્યુ આઈપીઓ અને ક્યુઆઈપીનો મજબૂત વિકલ્પ બની શકે છે.

બીજી તરફ, સેકન્ડરી માર્કેટમાં વધતી વોલેટિલિટી, ખાસ કરીને સ્મોલ અને મિડકેપ શેરોમાં રોકાણકારો માટે સાવચેતીનો સંકેત આપી રહી છે. બજારમાં કરેકશન અને વૈશ્વિક અનિશ્ચિતતાઓના માહોલમાં સંસ્થાકીય રોકાણકારો જોખમ સ્વીકારવામાં સંકોચ અનુભવી રહ્યા છે, જેના કારણે ક્યુઆઈપી જેવી સંસ્થાકીય ફંડિંગ પદ્ધતિઓ પર અસર પડી છે. આવી પરિસ્થિતિમાં ભારતીય શેરબજારની ભાવી દિશા સિલેક્ટિવ ગ્રોથ તરફ ઝુકતી દેખાય છે, જ્યાં મજબૂત બેલેન્સશીટ, સ્થિર કેશ ફ્લો અને સ્પષ્ટ બિઝનેસ મોડલ ધરાવતી કંપનીઓમાં જ રોકાણકારોનો વિશ્વાસ કેન્દ્રિત રહેશે. લાંબા ગાળે આ પ્રવૃત્તિ બજારને વધુ સ્વસ્થ અને ગુણવત્તા આધારિત બનાવશે, જોકે ટૂંકા ગાળે અસ્થિરતા યથાવત્ રહેવાની શક્યતા રહેશે.

ખાસ નોંધ: ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯૯ ૬૦૮૮

મેષ (અ-લ-ઈ) — શુભ રંગ: લીલો — શુભ અંક: ૪-૮
આપના કામમાં સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આવક જણાય. કૌટુંબિક-પારિવારિક કામકાજ થાય.

વૃષભ (બ-વ-ઉ) — શુભ રંગ: ગુલાબી — શુભ અંક: ૨-૫
આપના કામમાં ઉપરી-સહકાર્યકર, નોકર-ચાકરવર્ગનો સહકાર મળી રહે. મિલન-મુલાકાતથી આનંદ જણાય.

મિથુન (ક-છ-ઘ) — શુભ રંગ: જાંબલી — શુભ અંક: ૪-૧
આપ ફરો-ફરો-કામકાજ કરો, પરંતુ આપના હૃદય-મનને રાહત જણાય નહીં. વાહન ચલાવવામાં ધ્યાન રાખવું.

કર્ક (ડ-હ) — શુભ રંગ: સફેદ — શુભ અંક: ૭-૬
આપની મહેનત-અનુભવ-આવડત-બુદ્ધિથી આપના કામનો ઉકેલ લાવી શકો. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

સિંહ (મ-ટ) — શુભ રંગ: લાલ — શુભ અંક: ૫-૩
આપના કામમાં હરિફ-ઈર્ષાળુ વર્ગની મુશ્કેલી જણાય. સીઝનલ ધંધામાં ગ્રાહક વર્ગનું ધ્યાન રાખવું.

કન્યા (પ-ઠ-ણ) — શુભ રંગ: મરૂન — શુભ અંક: ૬-૧
આપના કાર્યની સાથે જાહેરક્ષેત્ર, સંસ્થાકીય કામમાં વ્યસ્ત રહેવાનું થાય. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

તુલા (ર-ત) — શુભ રંગ: વાદળી — શુભ અંક: ૪-૯
આપે તન-મન-ધન, વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. પારિવારિક ચિંતા જણાય.

વૃશ્ચિક (ન-ય) — શુભ રંગ: ગ્રે — શુભ અંક: ૬-૩
નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. મહત્વની મિલન-મુલાકાતમાં સાનુકૂળતા રહે.

ધનુ (ભ-ધ-ફ-ઢ) — શુભ રંગ: ગોલ્ડન — શુભ અંક: ૫-૮
આપના કાર્યની સાથે અન્ય કામમાં વ્યસ્ત રહેવું પડે. સામાજિક-વ્યવહારિક કામકાજ જણાય. મિત્રોનો સાથ રહે.

મકર (ખ-જ) — શુભ રંગ: મોરપીંછ — શુભ અંક: ૧-૪
આપને સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકીથી લાભ-ફાયદો જણાય. વાણીની મીઠાશથી કામમાં સરળતા રહે.

કુંભ (ગ-શ-સ-ષ) — શુભ રંગ: પીળો — શુભ અંક: ૫-૭
આપે રાજકીય-સરકારી-ખાતકીય કામમાં પ્રતિકૂળતા જણાય. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાભીડ રહે.

મીન (દ-ચ-ઝ-થ) — શુભ રંગ: કેસરી — શુભ અંક: ૬-૧
આપને ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી આપને આનંદ રહે. મહત્વના કામનો ઉકેલ લાવી શકો.

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૭-૨૬ સુર્યાસ્ત : ૬-૧૪

દિવસના ચોઘડીયા
(૧) શુભ (૨) રોગ (૩) ઉદ્વેગ (૪) ચલ (૫) લાભ (૬) અમૃત (૭) કાળ (૮) શુભ

રાત્રિના ચોઘડીયા
(૧) અમૃત (૨) ચલ (૩) રોગ (૪) કાળ (૫) લાભ (૬) ઉદ્વેગ (૭) શુભ (૮) અમૃત

વિક્રમ સંવત: ૨૦૮૨, પોષ સુદ-૧૩ : તા. ૦૧-૦૧-૨૦૨૬, ગુરૂવાર
જૈન સંવત: ૨૫૫૨, શાલિવાહન: ૧૯૪૭, દુગાબ્દ : ૫૧૨૭, પારસી રોજ : ૨૦, મુસ્લિમ રોજ: ૧૧, નક્ષત્ર: રોહિણી, યોગ: શુભ, કરણ: કીલવ

જન્મેલાનું વર્ષફળ

તા. ૦૧ - જાન્યુઆરીના દિવસે

આ સમયમાં નોકરી-ધંધામાં આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થાય. શત્રુ-વિરોધીઓ પર વિજય પ્રાપ્ત થાય. નાણાકીય વ્યવહાર સચવાઈ રહેતા રાહત રહે. યાત્રા-પ્રવાસનું આયોજન થાય. કુટુંબ-પરિવાર-મિત્રવર્ગ સાથે સુખરૂપ સમય પસાર થાય. સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી. આધ્યાત્મિકતા-ધાર્મિકતામાં વૃદ્ધિ થાય.

બાળકની રાશિ: વૃષભ

ભ્રષ્ટાચારમાં ગળાડૂબ શાસકોએ નિયમ વિરૂદ્ધ કાર્યવાહીનો આક્ષેપ કરતા ધારાસભ્ય

જામનગર જિલ્લા પંચાયતના જનરલ બોર્ડમાં ત્રણ અધિકારીઓ સામે કાર્યવાહીના ઠરાવો પસાર કરાયા

બેદરકારી, ઉદ્ધતાઈ અને પ્રજાલક્ષી કામો નહીં કરવાના આક્ષેપ સાથે બે અધિકારીઓને એક રૂપિયાનો ટોકન દંડ કરી રાજ્ય સરકારમાં પરત મોકલવા ઠરાવાયું: એક સામે તપાસ નિમાશે

જામનગર તા. ૩૧: જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા જિ.પં. પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ત્રણ અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો ઠરાવ સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યો હતો.

જિ.પં.ના બાંધકામ વિભાગના ઈજનેર એસ.વી. બાવીસી વિરૂદ્ધ સરખું કામ કરતા ન હોવાથી, રોડના કામમાં ડાયવર્ઝન નહીં કાઢવા અંગે તેમજ કામ પુરા થયા પછી સર્ટિફિકેટ માટે સરપંચોને હેરાનગતિની ફરિયાદોના આક્ષેપો સાથે રૂ. એકનો ટોકન દંડ કરી સરકારમાં પરત મોકલવા, ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ કચેરીમાં મોટાભાગે ગેરહાજર રહેતા હોવાનો, ફોન પર અને રૂબરૂમાં ઊડાવ જવાબો આપતા હોવાનો અને પ્રજાલક્ષી કામગીરી સરખી રીતે નહીં કરતા હોવાના આક્ષેપ સાથે રૂ. ૧ નો ટોકન દંડ કરી તેમને પણ રાજ્ય સરકારમાં પરત મોકલવાનો ઠરાવ થયો હતો.

જામનગર ગ્રામ્યના મુખ્ય સેવિકાને અન્યાય કરવા બદલ આઈસીડીએસ વિભાગના મુખ્ય અધિકારી સામે પક્ષપાતી વલણ કરવાનો આક્ષેપ પૂર્વ પ્રમુખ ધરમશીભાઈ ચનિયારાએ કર્યો હતો, જેથી આ અધિકારીની કાર્યવાહી અંગે કમિટીની રચના કરવા અને તપાસ કરવાનો નિર્ણય કરાયો હતો.

આ સામાન્ય સભામાં સ્વભંડોળની વણવપરાયેલી રકમની ફરીથી યોગ્ય વ્યવસ્થા કરવા, આયુર્વેદ શાખા હસ્તક વિભાપર ગામમાં એક નવું દવાખાનું બનાવવા, રેતી રોયલ્ટી અને સ્ટેમ્પ ડ્યુટીના મંજુર કામોમાં ફેરફાર, સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટના કામોના આયોજનના ઠરાવો કરવામાં આવ્યા હતાં.

આ બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, હાલના જિલ્લા પંચાયતના શાસકો પ્રજાલક્ષી કામોના બદલે ભ્રષ્ટાચાર કેમ થાય તે દિશામાં જ કામ કરે છે. શાસકોએ અણઘડ વહીવટનો નમૂનો રજૂ કર્યો છે, જેમાં અધિકારીઓ ઉપર આક્ષેપો કરી અધિકારીઓ સામે નિયમ વિરૂદ્ધ ઠરાવ કર્યા છે.

ટેકાના ભાવે મગફળી ખરીદી:

ખેડૂતોના ખાતામાં નાણા જમા નહીં થાય તો ઉગ્ર આંદોલનની ધારાસભ્ય હેમંત ખવાની ચીમકી

જામનગર તા. ૩૧: જામજોધપુર અને લાલપુર તાલુકાના ખેડૂતોએ ટેકાના ભાવે મગફળીનું વેચાણ કર્યાના લાંબો સમય થવા છતાં હજુ સુધી તેમના ખાતામાં નાણા જમા ન થતા ધારાસભ્ય હેમંત ખવાએ લાલઘૂમ થઈને તંત્ર અને બેંકિંગ સત્તાધીશોને ઉધડા લીધા હતા. આ ગંભીર પ્રશ્નો ધારાસભ્યએ બંને તાલુકામાં વાકીફની બેઠકો યોજી હતી અને જવાબદારોને કડક શબ્દોમાં સૂચના આપી હતી.

જામજોધપુર માર્કેટિંગ યાર્ડ અને લાલપુર મામલતદાર કચેરીમાં યોજાયેલી આ બેઠકોમાં ધારાસભ્યએ તમામ બેંક મેનેજરો અને મગફળી ખરીદ કેન્દ્રના સંચાલકોને સામસામે બેસાડીને આકરા સવાલો કર્યા હતા. ખેડૂતોએ માલ આપી દીધો હોવા છતાં ટેકનિકલ ખામીઓ અને આધાર સીડિંગના બહાના હેઠળ ખેડૂતોને ધરમધક્કા ખવડાવતી બેંકો સામે હેમંત ખવાએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

તેમને કડક નિર્દેશ કરતા એક અઠવાડિયાનું અલ્ટીમેટમ આપ્યું છે જે ખેડૂતોના પેમેન્ટ બાકી છે, તેમના ખાતામાં આગામી એક અઠવાડિયામાં નાણા જમા થઈ જવા જોઈએ. તેમજ જામજોધપુર અને લાલપુર તાલુકાના તમામ પેન્ડિંગ બિલ અને લોટ આઈડીનું વેરિફિકેશન યુદ્ધના ધોરણે પૂર્ણ કરી પેમેન્ટ રિલીઝ કરવામાં આવે. જે ખેડૂતોના પેમેન્ટ ટેકનિકલ કારણોસર અટક્યા છે, તેમને બેંકોએ ગોળ-ગોળ જવાબ આપવાને બદલે રૂબરૂ બોલાવીને ચોક્કસ કારણ જણાવવું અને પ્રક્રિયા પૂર્ણ કરાવવી જેમાં કૃષિ વિભાગ અને બેંકિંગ સત્તાધીશો પરસ્પર સંકલન સાધી આધાર મેપિંગના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા અંગે પણ જણાવ્યું છે.

ખેડૂતોએ મગફળી વેચીને તેના નાણામાંથી રવિ પાકનું વાવેતર અને ખેતીના ખર્ચની આશા રાખી હતી. પરંતુ ખરીદી કેન્દ્રોની લાપરવાહી અને બેંકોની ઢીલી નીતિને કારણે આજે ધરતીપુત્રો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. જો તંત્ર આ બાબતે ગંભીરતા નહીં દાખવે તો ખેડૂતોના હક માટે ઉગ્ર આંદોલન કરતા પણ અચકાઈશું નહીં."

જામનગર જિલ્લાના કૌશલ્ય ઉત્સવમાં

ડી.સી.સી. હાઈસ્કૂલ પ્રથમ સ્થાને વિજેતા

જામનગર તા. ૩૧: જામનગર જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી તેમજ સમગ્ર શિક્ષા કચેરીના સંયુક્ત ઉપક્રમે એલ.જી. હરિયા સ્કૂલમાં યોજવામાં આવેલા જિલ્લા કક્ષાના કૌશલ્ય ઉત્સવમાં જામનગરના વિદ્યોતેજક મંડળ સંચાલિત ડીસીસી વિવિધલક્ષી હાઈસ્કૂલ અને એન.ડી. શાહ હાયર સેકન્ડરી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ એઆઈએઈઝડ કોમ્પ્યુટર પ્રોજેક્ટમાં જામનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રોજેક્ટમાં માર્ગદર્શક શિક્ષક મીનલબેન મારૂના માર્ગદર્શન હેઠળ ધો. ૧૧ ના બે વિદ્યાર્થી શિર જયેશ જયંતિભાઈ અને મારૂ રોહિત શૈલેષભાઈએ પ્રતિનિધિત્વ કર્યું હતું. હવે રાજ્ય કક્ષાએ તેઓ જામનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

શાળાના આચાર્ય સંજયભાઈ દત્તાણી તેમજ વિદ્યોતેજક મંડળના તમામ ટ્રસ્ટી મંડળનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું તથા તમામ ટ્રસ્ટીઓએ શુભકામના પાઠવી હતી.

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓને જિલ્લા ભાજપનો આવકાર

જામનગર ૩૧: ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓને જામનગર જિલ્લા ભાજપ દ્વારા આવકાર આપી શુભેચ્છા પાઠવવામાં આવી છે.

જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. વિનુભાઈ ભંડેરી, સંસદ સભ્ય પૂનમબેન માડમ, ધારાસભ્યો, જિલ્લા સંગઠનના હોદ્દેદારો, જિલ્લા પંચાયત પ્રમુખ વિગેરેએ નવનિયુક્ત પદાધિકારીઓને અભિનંદન આપ્યા હતાં.

જામનગરમાં શ્રીકૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય

જગદગુરૂ શ્રી કૃષ્ણમણિજી મહારાજના જન્મદિને આવતીકાલે રકતદાન કેમ્પ યોજાશે

જામનગર તા. ૩૧: જામનગર કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી પાંચ નવતનપુરી ધામ ખીજડા મંદિરમાં ધર્મના વર્તમાન આચાર્ય તેમજ મુખ્ય વડા પૂજ્યપાદ જગદગુરુ શ્રી કૃષ્ણમણિજી મહારાજના ૬૨મા જન્મ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે સવારથી બપોર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના ગુરુવારે સવારે ૯:૦૦ વાગ્યાથી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં મોટી સંખ્યામાં લોકોએ કરેલ રક્તદાન સૌરાષ્ટ્રની સૌથી મોટી જી.જી. હોસ્પિટલ સ્થિત બ્લડ બેન્કમાં એકત્ર થયેલું લોહી જમા કરાવવામાં આવશે. જેથી માનવ જિંદગી બચાવવા માટે આ ભગીરથ કાર્યમાં જોડાવા સંતસભા દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સવારે ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમ્યાન શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદગુરુ શ્રી કૃષ્ણમણિજી મહારાજના જન્મોત્સવની વધાઈ માટે પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમ્યાન દેશ પરદેશથી હજારોની સંખ્યામાં ભક્તજનો શુભેચ્છા સમર્પણ માટે આવતા હોય છે.

ગરીબે નવાઝ ઉર્ષ નિમિત્તે બાળકોને ફ્રૂટનું વિતરણ

જામનગર તા. ૩૧: જામનગરના આગાજ ફાઉન્ડેશન દ્વારા ખ્વાજા ગરીબ નવાઝના ૮૧૪ મા કુતબે જામનગર હઝરત સૈયદ ભોલાશાહ બાબાના ઉર્ષ પ્રસંગે મતવા મસ્જિદના ઈમામ હાજી અ.કાદર આરબના માર્ગદર્શન હેઠળ ગરીબ વિસ્તારના નાના બાળકોને ચોકલેટ બિસ્કીટ, વેફર, ફ્રૂટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ સેવાકીય કાર્યમાં હિન્દુ-મુસ્લિમ યુવાનોએ સેવા આપી હતી. નિજામ સફીયા, રાજીવ જૈન, કેતન પરમાર, કાસમાણીભાઈ, આશીફ પીંજારા, રજાક કલી, અમાનુલા મેમણ, સફવાન લુસવારા તેમ માહિર મસ્કતીએ જણાવ્યું છે.

અર્ક — અશક્ય ભલે કંઈ ન હોય, પણ બધું શક્ય બનાવવું જરૂરી નથી.

શબ્દવ્યૂહ ૭૩૫૪



આડી ચાવી
૧. વિશારદ, નિષ્ણાંત ----(૪
૩. લખાણની શરૂઆતમાં વપરાતો કલ્યાણકારક શબ્દ ----------(૧
૬. અવિકસિત ગર્ભ------(૨
૭. ધિક્કાર પામેલું-------(૨
૮. પિતાના ભાઈ--------(૨
૧૦.એક રાશિ ---------(૨
૧૧.લયકારી ચાલ કે અંગનો મરોડ----------(૩
૧૫.નમતું આપવું કે પીછેહઠ કરવી તે----------(૩
૧૮.વરસાદરૂપે પડેલા બરફના ટૂકડા ----------(૨
૨૦.ઓસડ, ઔષધ ------(૨
૨૨.ઉપાર્જન, વટાવ ------(૪
૨૩.ઘોડાની માદા--------(૨
૨૪.પ્રહાર, શારીરિક ઈજા--(૧

ઊભી ચાવી
૧. પડખું----------(૨
૨. ખોટાં બહાના -------(૪
૪. યુદ્ધભૂમિ પર બહાદુરીથી લડનાર ----------(૪
૯. અરસો, વખત -------(૨
૧૦.પારાવત ----------(૪
૧૨.ગતિમાન, ચલાયમાન --(૨
૧૩.જુદાપણું, તફાવત-----(૩
૧૪.પૃથ્વી અથવા મંગળ ગ્રહનું કે એને લગતું -------(૨
૧૬.ચણવાના કામ કે રીત--(૪
૧૭.એક પ્રકારનું અનાજ --(૩
૧૯.પોકાર, ફરિયાદ ------(૨
૨૧.ચોરણો----------(૨

આડી ચાવી: (૧) ગાપચી (૨) મેળાવડો (૩) દડો (૪) ભૂ (૫) મુશ્કેલી (૬) પાક (૧૧) સદગૃહસ્થ (૧૨) હોજ (૧૪) નહિં (૧૬) પ્રજામત (૧૮) ગરુડ (૧૯) ખાદી

ઉકેલ કોયડા નં. ૭૩૫૩

ઊભી ચાવી: (૧) ગાળો (૨) મેડો (૩) દલીલ (૫) મુખ (૭) ચાંદની (૮) સ્વસ્થ (૯) પ્રારંભ (૧૦) નહોર (૧૩) રાજા (૧૫) ભૈરુ (૧૭) મજા